# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-05-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

***************************************************

**1)** સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ કહ્યું કે, ભારતના શત્રુઓને યોગ્ય જવાબ આપવો તે મારી જવાબદારી.

**2)** નિયંત્રણ-રેખા પર પાકિસ્તાને કરેલા ગોળીબારનો ભારતીય સૈન્યએ જડબાતોડ જવાબ આપ્યો.

**3)** કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી તેલંગાણામાં 14-રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.

**4)** વિદેશમાં નિર્માણ થયેલી તમામ ફિલ્મો પર 100 ટકા ટેરિફ લાદવાનો અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ નિર્ણય.

**5)** IPLમાં કોલકત્તા નાઇટ રાઇડર્સનો રાજસ્થાન રોયલ્સ સામે એક રને રોમાંચક વિજય- જ્યારે પંજાબ કિંગ્સે લખનૌને પરાજય આપ્યો.

.....................................................................

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RAJNATH SINGH-EVENT

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે કહ્યું છે કે, સશસ્ત્ર દળો સાથે કામ કરવું અને ભારતના શત્રુઓને યોગ્ય જવાબ આપવો એ તેમની જવાબદારી છે. નવી દિલ્હીમાં સંસ્કૃતિ જાગરણ મહોત્સવને સંબોધિત કરતા રાજનાથસિંહે ઉમેર્યું કે, એક સંરક્ષણ મંત્રી તરીકે સૈનિકોની સાથે દેશની સરહદોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની જવાબદારી પણ તેમની છે. શ્રી સિંહે કહ્યું કે, દેશની જનતા જે ઇચ્છે છે તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થશે.

## (બાઇટ- રાજનાથસિંહ, સંરક્ષણ મંત્રી)

# REV. DEFENCE MINISTERS-MEET

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે નવી દિલ્હીમાં તેમના જાપાની સમકક્ષ જનરલ નાકાતાની સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, બેઠક દરમિયાન બંને પક્ષો વર્તમાન પ્રાદેશિક અને આંતર-રાષ્ટ્રીય સુરક્ષા પરિસ્થિતિ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે અને દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગને વધુ ગાઢ બનાવવાના માર્ગો પર ચર્ચા કરશે.

# LOC-FIRING

ગઈકાલે રાત્રે જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર પાકિસ્તાની સૈન્ય દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો ભારતીય સેનાએ વળતો જવાબ આપ્યો. સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું હતું કે, પાકિસ્તાની સૈન્યએ જમ્મુ અને કાશ્મીરના કુપવાડા, બારામુલ્લા, પૂંછ, રાજૌરી, મેંધાર, નૌશેરા, સુંદરબની અને અખનૂર વિસ્તારોમાં નિયંત્રણ રેખા પર કોઈ ઉશ્કેરણી વિના નાના હથિયારોથી ગોળીબાર કર્યો હતો. ભારતીય સૈનિકોએ તાત્કાલિક અને પ્રમાણસર જવાબ આપ્યો હતો. કોઈ જાનહાનિના અહેવાલ નથી.

# VP - GWALIOR VISIT

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું કે, ખેતરમાંથી પસાર થતાં વિકસિત ભારતના માર્ગને વધુ ફળદ્રુપ બનાવવા માટે ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવવું જરૂરી છે. ખેડૂતને વધુ સમૃધ્ધ બનાવવાની જવાબદારી કૃષિ ક્ષેત્રમાં કાર્યરત સંસ્થાઓ અને કૃષિ વિદ્યાર્થીઓની હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. ઉપ-રાષ્ટ્રપતિએ ગઈકાલે મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં રાજમાતા વિજયારાજે સિંધિયા કૃષિ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો સાથેના સંવાદ કાર્યક્રમમાં આ વાત કરી હતી. ખેડૂતો ફક્ત પાક ઉત્પાદક ન રહે, પરંતુ તેઓ કૃષિ-ઉદ્યોગપતિ બને તેવા પ્રયાસો આદરવા પર પણ તેમણે ભાર મૂક્યો હતો.

# TELANGANA - GADKARI

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરિમાર્ગ મંત્રી નીતિન ગડકરી આજે તેલંગાણામાં છ હજાર કરોડ રૂપિયાથી વધુના અંદાજિત ખર્ચે બનેલા 14 રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સના 285 કિલોમીટરનું ઉદ્ઘાટન કરશે. શ્રી ગડકરી આજે સવારે આસિફાબાદ જિલ્લાના કાગઝનગર એક્સ રોડ પર ચાર-માર્ગીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ-363નું ઉદ્ઘાટન કરશે. તેઓ મોડી સાંજે હૈદરાબાદના અંબરપેટમાં એક જાહેર સભાને સંબોધિત કરશે.

# REV. NIRMALA SITHARAMAN-ADB

એશિયન ડેવલ-પમેન્ટ બેંક (એડીબી)ના બોર્ડ ઓફ ગવર્નર્સની 58મી વાર્ષિક બેઠક ગઈકાલે ઇટાલીના મિલાન ખાતે શરૂ થઈ રહી છે. ચાર દિવસીય કાર્યક્રમમાં નાણામંત્રી નિર્મલા સીતારમણ ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે. નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, આ બેઠકમાં એડીબીના બોર્ડ ઓફ ગવર્નર્સના સત્તાવાર પ્રતિ-નિધિમંડળો, એડીબીના સભ્યોના સત્તાવાર પ્રતિ-નિધિમંડળો અને આંતર-રાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ ભાગ લઇ રહી છે.

નાણામંત્રી વાર્ષિક બેઠકના મુખ્ય કાર્યક્રમો જેમ કે, ગવર્નરોના બિઝનેસ સત્ર, ગવર્નરના પૂર્ણ સત્રમાં ભાગ લેશે. ક્રોસ બોર્ડર સહયોગ અને ભવિષ્ય જેવા વિષય પર તેઓ પેનલિસ્ટ તરીકે ભાગ લેશે.

એડીબીની 58મી વાર્ષિક બેઠક દરમિયાન, તે એડીબીના પ્રમુખ, આંતર-રાષ્ટ્રીય કૃષિ વિકાસ ભંડોળના પ્રમુખ અને જાપાન બેંક ફોર ઇન્ટરનેશનલ કો-ઓપરેશનના ગવર્નર સાથે મુલાકાત ઉપરાંત ઇટાલી, જાપાન અને ભૂટાનના નાણામંત્રીઓ સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરશે. સિતારમણ મિલાનમાં ભારતીય સમુદાય સાથે પણ સંવાદ સાધશે.

# LAND REFORM IN INDIA

વોશિંગ્ટનમાં વિશ્વ બેંકના વડા મથકમાં આજથી 8 મે દરમિયાન યોજાનારી વિશ્વ બેંક જમીન સંમેલન 2025 માં ભારત વૈશ્વિક જમીન સુધારણા સંવાદનું નેતૃત્વ કરશે. પંચાયતી રાજ મંત્રાલયના સચિવ વિવેક ભારદ્વાજના નેતૃત્વમાં ઉચ્ચ-સ્તરીય ભારતીય પ્રતિ-નિધિમંડળ આ સંમેલનમાં સ્વામિત્વ યોજના રજૂ કરશે. આ વર્ષના વિશ્વ બેંક જમીન સંમેલનનો વિષય "આબોહવા કાર્યવાહી માટે જમીનની માલિકી અને પહોંચ સુરક્ષિત કરવી- જાગૃતિથી કાર્યવાહી તરફ આગળ વધવું" છે.

આ સંમેલન જમીન માલિકી સુરક્ષિત કરવા માટે વૈશ્વિક નેતાઓ, નીતિ ઘડવૈયાઓ, નિષ્ણાતો અને વિકાસ ભાગીદારોને જમીનનું સ્વામિત્વ સુરક્ષિત કરવા માટે એકસાથે લાવવામાં આવશે. વિશ્વ બેંક જમીન સંમેલન 2025માં ભારતની ભાગીદારી વૈશ્વિક ગ્રામીણ જમીન શાસનમાં એક મહત્વપૂર્ણ સીમા-ચિહ્નરૂપ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . . .

## US TRUMP MOVIES

વિદેશમાં નિર્માણ થયેલી તમામ ફિલ્મો પર 100 ટકા ટેરિફ લાદવાનો અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નિર્ણય કર્યો છે. ટ્રુથ સોશિયલને સંબોધતા, શ્રી ટ્રમ્પે જાહેરાત કરી કે, તેમણે વાણિજ્ય વિભાગ અને યુનાઇટેડ સ્ટેટ્સ ટ્રેડ રિ-પ્રેઝન્ટેટિવને અમેરિકામાં આવતી તમામ વિદેશી-નિર્મિત ફિલ્મો પર 100 ટકા ટેરિફ લાદવાની પ્રક્રિયા શરૂ કરવા સૂચના આપી છે.

ટ્રમ્પે અન્ય દેશો પર અમેરિકન ફિલ્મ નિર્માતાઓ અને સ્ટુડિયોને ફિલ્મ પ્રોડક્શન નહીં કરવા દેવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે, અન્ય દેશોમાં ફિલ્મ નિર્માણ વધતા અમેરિકામાં ફિલ્મ ઉદ્યોગ મરણ પથારીએ છે. ટ્રમ્પે કહ્યું કે, હોલીવુડ અને યુ.એસ.એમાં ઘણા અન્ય ક્ષેત્રો બરબાદ થઈ રહ્યા છે.

# IPL

IPL ક્રિકેટમાં, પંજાબ કિંગ્સે ગઈકાલે રાત્રે ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં લખનૌ સુપર જાયન્ટ્સને 37 રનથી હરાવ્યું હતું. આ જીત સાથે, પંજાબ કિંગ્સ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગયું છે. 237 રનના લક્ષ્યનો પીછો કરતા, લખનૌ સુપર જાયન્ટ્સે નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટે 199 રન બનાવ્યા. લખનૌ સુપર જાયન્ટ્સ માટે, આયુષ બદોની 74 રન સાથે ટોચનો સ્કોરર રહ્યો, જ્યારે અબ્દુલ સમદે 45 રન બનાવ્યા હતાં. પંજાબ કિંગ્સ માટે, અર્શદીપ સિંહે ત્રણ વિકેટ, અઝમતુલ્લાહ ઓમરઝાઈએ બે વિકેટ, માર્કો જાનસેન અને યુઝવેન્દ્ર ચહલે એક-એક વિકેટ ઝડપી હતી. અગાઉ, લખનૌ સુપર જાયન્ટ્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા, પંજાબ કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 236 રનનો કમાન્ડિંગ સ્કોર બનાવ્યો. 91 રન બનાવનાર પ્રભસિમરન સિંહે પંજાબ કિંગ્સ માટે સૌથી વધુ રન બનાવ્યા હતા. તેમને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો

ગઈકાલે ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી અન્ય મેચમાં, યજમાન કોલકાતા નાઈટ રાઈડર્સ રાજસ્થાન રોયલ્સને ફક્ત એક રનથી હરાવવામાં સફળ રહ્યા. 207 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, રાજસ્થાન રોયલ્સે 20 ઓવરમાં આઠ વિકેટે 205 રન બનાવ્યા હતા. અગાઉ, પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેતા, કોલકાતાએ નિર્ધારિત 20 ઓવરમાં ચાર વિકેટે 206 રન બનાવ્યા. ગઈકાલની જીત બાદ કોલકાતા નાઈટ રાઈડર્સ એક સ્થાન ઉપર આવીને છઠ્ઠા સ્થાને પહોંચી ગયું.

આજે, સનરાઈઝર્સ હૈદરાબાદ હૈદરાબાદમાં દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

# KARATE GOLD

અનાર્ગ્ય પંચાવટકરે દુબઈમાં રમાયેલી 11મી બુડોકન ઇન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. હરિયાણાના ગુરુગ્રામના અનાર્ગ્યએ કુમાઇટ કેટેગરીમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. આ સ્પર્ધામાં 17 દેશોના 900થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

# TELANGANA - MISS WORLD

આ મહિને તેલંગાણામાં યોજાનારી મિસ વર્લ્ડ સ્પર્ધા માટે વિશ્વભરના સ્પર્ધકો હૈદરાબાદ પહોંચી રહ્યાં છે. ગઈકાલે હૈદરાબાદના આંતર-રાષ્ટ્રીય હવાઇમથક પર અધિકારીઓ દ્વારા કેનેડાની એમ્મા ડીના કેથરિન મોરિસન અને બ્રાઝિલની જેસિકા સ્કેન્ડયુઝી પેડ્રોસોનું પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું. અગાઉ, મિસ વર્લ્ડના અધિકારી જોનાથન માર્ક શોનું તેમના આગમન પર સ્વાગત કરવામાં આવ્યું હતું. આગામી બે દિવસમાં 120 દેશોના સ્પર્ધકો હૈદરાબાદ પહોંચશે. મિસ વર્લ્ડ સ્પર્ધાની 72મી આવૃત્તિ તેલંગાણામાં આ મહિનાની 10મી થી 31મી તારીખ સુધી યોજાશે.

# TELANGANA MAOIST

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી બંડી સંજય કુમારે કહ્યું છે કે, જ્યાં સુધી માઓવાદીઓ હથિયાર નહીં મૂકે ત્યાં સુધી તેમની સાથે કોઈ વાતચીત થશે નહીં. નિર્દોષ લોકોની હત્યા કરનારાઓ સાથે કોઈ વાતચીત થઈ શકશે નહીં.

તેલંગાણાના કરીમનગર જિલ્લામાં તેમણે કહ્યું કે, માઓવાદીઓએ બાતમીદાર હોવાના બહાને નિર્દોષ આદિવાસીઓની હત્યા કરી છે. કેન્દ્ર સરકારના જાતિ સર્વેક્ષણના નિર્ણય પર તેમણે કહ્યું કે આ નિર્ણય ઐતિહાસિક છે અને તેને કોંગ્રેસની જીત કહેવી એ ભૂલ છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

1) આજનાં તમામ અખબારોમાં પહલગામ આતંકવાદી હૂમલાને પગલે ભારતે લીધેલાં વળતાં પગલાં અને સામસામી પ્રતિક્રિયા અંગેનાં સમાચાર હેડલાઇનમાં જોવા મળે છે.
2) ગુજરાત સમાચારની હેડલાઇન છે- ભારતે ચિનાબનું પાણી રોકતા પાકિસ્તાનને સત્ર બોલાવવાની ફરજ.
3) આ જ સમાચારને હેડલાઇન બનાવી સંદેશ લખે છે- ભારતની પાકિસ્તાન પર વોટર સ્ટ્રાઇક- ચિનાબ નદીનું પાણી બંધ કર્યું.
4) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાન સામે કાર્યવાહી અંગે કરેલા નિવેદનને તમામ અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
5) નવગુજરાત સમયની હેડલાઇન છે- દેશની સુરક્ષા મારી ફરજ, તમે જે ઇચ્છો છો તે ચોક્કસ થશે- રાજનાથ સિંહ
6) ફુલછાબ દૈનિકનું શિર્ષક છે- ભારતે ચિનાબનું પાણી રોક્યું-હવે જેલમનો વારો
7) ઇઝરાયેલનાં તેલ અવીવ એરપોર્ટ પર હૂથી બળવાખોરોનો હૂમલો- આ સમાચાર સંદેશ અને ગુજરાત સમાચારમાં પ્રથમ પાને છે.
8) અન્ય સમાચારોમાં, ભારતે ઇમરાન ખાન અને બિલાવલનાં X એકાઉન્ટ સ્થગિત કર્યા, નીટ યુજીની પરીક્ષા, દેશમાં પ્રથમ જીનોમ એડિટેડ ચોખાની જાત વિક્સાવાઈ જેવા સમાચારનો પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.
9) સ્થાનિક સમાચારોમાં રાજ્યભરમાં કમોસમી વરસાદ,નીટ પરીક્ષા,અને આજે ધોરણ-12નું પરિણામ જેવા સમાચારો જોવા મળે છે.